प्रवेशप्रक्रिया फी रू. 500-00

પ્રવેશપ્રક્રિયા ફી રૂ. 500-00

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## એમ.ફિલ. (M.Phil.) પ્રવેશ – 2017 માહિતી/અરજીપત્ર

"મારી જિંદગીની અંદર મેં અનેક કાર્યો કર્યાં છે, તેમાંનાં ઘણાં કાર્યોને માટે મારા મનમાં હું મગરૂરી પણ માનું છું, કેટલાંકને સારુ પશ્ચાત્તાપ પણ થાય છે, એમાંનાં ઘણાં મોટી જવાબદારીવાળાં પણ હતાં, પણ અત્યારે જરાયે અતિશયોક્તિ વિના હું કહેવાને ઇચ્છું છું કે, મેં એવું એક પણ કાર્ય નથી કર્યું કે જેની સાથે આજે કરવાના કાર્યનો મુકાબલો થાય, મેં તો કેવળ મંત્ર આપ્યો છે, એક વણિકપુત્ર જો કરી શકતો હોય તો મેં ઋષિનું કામ કર્યું છે."

મોહનદાસ કરમચંદ ગાંધી, તા. 15–11–1920, ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના સમયે

**ઉપલબ્ધ સંખ્યાઃ ગુજરાતી-10, હિન્દી-2, અર્થશાસ્ત્ર-3, સમાજશાસ્ત્ર-7, ઇતિહાસ-8, સમાજકાર્ય-11, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન-5, કોમ્પ્યુટર વિજ્ઞાન-6, સામાજિક વિજ્ઞાન (જૈનવિદ્યા) -5, શિક્ષણશાસ્ત્ર-24, સામાજિક વિજ્ઞાન (પ્રૌઢશિક્ષણ)-3, સામાજિક વિજ્ઞાન (વસતિશિક્ષણ)-2, સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન-12, શારીરિક શિક્ષણ-20, ગ્રામ વ્યવસ્થાપન-6.**

### (1) સૂચનાઓઃ

1. શૈક્ષણિક વર્ષ 2017-18 માટેની પ્રવેશપ્રક્રિયા ફી રૂ. 500-00 છે. (ફી પરત મળવાપાત્ર નથી.)
2. એમ.ફિલ.ના અભ્યાસની જાહેરાતમાં દર્શાવ્યા પ્રમાણેના વિષયમાં કે અન્ય વિષયમાં અનુસ્નાતક (M.A., M.B.A., M.Com., M.Sc., M.Ed., M.R.M., M.Lib., M.C.A., M.S.W., M.P.Ed., M.P.E.S. વ.)માં ઓછામાં ઓછા 55 ટકા અને અનુસૂચિત જાતિ અને જનજાતિ તથા ઉન્નત વર્ગમાં સમાવેશ ન પામતા (નોન-ક્રિમિલેયર) સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે 50 ટકા ગુણ હોવા જરૂરી છે.
3. અનુસ્નાતકના અંતિમ સત્ર/વર્ષનું પરિણામ બાકી હશે, તો સત્ર-3/વર્ષ-1 ના પરિણામમાં ઉપર દર્શાવ્યા પ્રમાણે ટકાવારીની પૂર્તતા થતી હોય તો અરજી કરી શકાશે.
4. પ્રવેશપત્ર ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ www.gujaratvidyapith.org પરથી તા. 17-05-2017 થી તા. 31-05-2017 સુધી ઓનલાઈન ભરી શકાશે. પ્રવેશપત્રમાં વિગતો ભરી સબમિટ કરીને પ્રવેશપત્ર ડાઉનલોડ કરી, પ્રિન્ટ કાઢી તેમાં પાસપોર્ટ સાઈઝના ફોટો ચોંટાડીને, ગૂજરાત વિદ્યાપીઠ કલેક્ટ (Link: https://www.onlinesbi.com/prelogin/icollecthome.htm?corpID=650400 (admission form fee)) દ્વારા SBI Collect માં 500 રૂ. ફી ભરીને તેની પાવતી (પાવતીની એક નકલ પોતાની પાસે સાચવી રાખવી.) અરજીપત્ર સાથે જોડીને તા. 01-06-2017 સુધી રોજ બપોરે 12-00 થી સાંજે 5-00 (દર શનિવારે સવારે 8 થી 12) વાગ્યા સુધી રૂબરૂમાં સ્વીકારવામાં આવશે.
5. પ્રવેશ મેળવ્યા પછી પણ કોઈપણ તબક્કે શૈક્ષણિક લાયકાત કે અન્ય માહિતી અધૂરી કે ખોટી રજૂ કરેલી જણાશે તો પ્રવેશ રદ કરી શકાશે.
6. ભાષા સિવાયના વિષયોમાં ગુજરાતી માધ્યમ સિવાય અન્ય માધ્યમમાં અભ્યાસ કરવા ઇચ્છતા ઉમેદવારોએ પરીક્ષા વિભાગનો સંપર્ક કર્યા પછી જ અરજીપત્ર ભરવું.
7. કેન્દ્ર સરકારની અનામત નીતિ અનુસૂચિત જાતિ (SC) 15 ટકા, અનુસૂચિત જનજાતિ (ST) 7.5 ટકા, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ (OBC) 27 ટકા, શારીરિક ખોડખાંપણ (PH) 3 ટકા મુજબ પ્રવેશ ફાળવવામાં આવશે. અનામત જગ્યાઓની ગણતરી પ્રવેશ સમિતિ દ્વારા કરવામાં આવશે. જમ્મુકાશ્મીરના વિદ્યાર્થીઓ માટે બે બેઠકો વધારાની ફાળવી શકાશે.
8. એમ.ફિલ.માં એકથી વધુ વિષય માટે અરજી કરી શકાશે નહીં. જો અરજી કરી હશે તો જે વિષય માટેની પરીક્ષા આપી હશે તે જ માન્ય ગણાશે.

**(2) પ્રવેશ પરીક્ષા બાબતેઃ પ્રવેશ માટે ગાંધીવિચાર આધારિત અને વિષય સંબંધિત સંશોધન સજ્જતાની એમ બે પ્રવેશ પરીક્ષા એકસાથે જ તા. 01-07-2017 શનિવારે બપોરે 2-00 થી 5-00 સુધી લેવામાં આવશે.**

(ક) ગાંધીવિચાર આધારિત પ્રવેશ પરીક્ષા

* 50 ગુણની પરીક્ષા બપોરે 2-00 થી 3-30 વાગ્યા સુધી લેવાશે.
* 2-15 પછી આવનારને પરીક્ષામાં પ્રવેશ મળશે નહીં.
* ઉત્તીર્ણ થવાનું ધોરણ 40 ટકાનું છે.
* પ્રશ્નપત્રનું સ્વરૂપ નીચે પ્રમાણે રહેશે.

| | | |
|---|---|---|
| -- | હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો (15) | 15 ગુણ |
| -- | ટૂંક જવાબી પ્રકારના પ્રશ્નો (3) | 15 ગુણ |
| -- | નિબંધ સ્વરૂપના પ્રશ્નો (આંતરિક વિકલ્પ સાથે ૨ પ્રશ્નો) | 20 ગુણ |

* UGC JRF થયેલા/NET/SET પાસ ઉમેદવારોએ પણ આ પરીક્ષામાં આપવી ફરજિયાત છે.
* સંદર્ભ પુસ્તક "**સંક્ષિપ્ત આત્મકથા**"-ગાંધીજી/"□□□□□□□□□ **आत्मकथा**"-**गांधीजी**/"An Autobiography (Abridge)-0Gandhiji
* ભરેલાં પ્રવેશપત્રો સ્વીકારતી વખતે આ પુસ્તક આપવામાં આવશે.
* **ટપાલથી અરજી મોકલનારે આ પુસ્તક પોતાની રીતે મેળવી લેવાનું રહેશે, અહીંથી મોકલવામાં નહીં આવે. ( ઇ-બુક આ લિંક પર ઉપલબ્ધ છે http://www.mkgandhi.org/ebks/gandhiebooks.htm).**

(ખ) **વિષય સંબંધિત સંશોધન સજ્જતા અંગેની પ્રવેશપરીક્ષા**

* UGC JRF થયેલા/NET/SET પાસ ઉમેદવારો આ પરીક્ષામાંથી ઇચ્છે તો મુક્તિ લઈ શકશે. આ માટે અરજીપત્રમાં જ તેની જાણ કરવાની રહેશે. આ પરીક્ષામાંથી મુક્તિ સ્વીકારનારા વિદ્યાર્થી માટે ગાંધીવિચારની પરીક્ષામાં મેળવેલા ગુણને અગ્રતાક્રમમાં ગણી UGC JRF/NET/SET ઉત્તીર્ણ ઉમેદવારોને એમ.ફિલ.ની જગ્યાઓની ફાળવણીમાં 50 ટકાથી વધુ નહીં પણ જે તે કક્ષામાં (કેટેગરી)માં પ્રવેશ માટે અગ્રિમતા આપવામાં આવશે.

* 50 ગુણની પરીક્ષા બપોરે 3-30 થી 5-00 વાગ્યા સુધી.
* ઉત્તીર્ણ થવાનું ધોરણ 40 ટકાનું છે.
* પ્રશ્નપત્રનું સ્વરૂપ નીચે પ્રમાણે રહેશે.

| | | |
|---|---|---|
| -- | હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો (15) | 15 ગુણ |
| -- | ટૂંક જવાબી પ્રકારના પ્રશ્નો (3) | 15 ગુણ |
| -- | નિબંધ સ્વરૂપના પ્રશ્નો (આંતરિક વિકલ્પ સાથે ૨ પ્રશ્નો) | 20 ગુણ |

* આ પરીક્ષા નીચેના ત્રણ મુદ્દાઓને ધ્યાનમાં રાખી લેવામાં આવશે.

| | | |
|---|---|---|
| -- | સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રનું સંબંધિત જ્ઞાન | 30 : ગુણ |
| -- | માહિતી અને પ્રત્યાયન ટેક્નોલોજીનું સંશોધનમાં ઉપયોજન | 05 : ગુણ |
| -- | સંબંધિત વિષયક્ષેત્રમાં સંશોધનના નૂતન પ્રવાહો | 15 : ગુણ |

(સંબંધિત વિષયક્ષેત્રમાં સંશોધનના નૂતન પ્રવાહોની માહિતી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.)

**પ્રવેશ પરીક્ષામાં પુનર્મૂલ્યાંકન(રિ-એસેસમેન્ટ/રિ-ચેકિંગ)ની સુવિધા નથી.**

**અગાઉના પ્રશ્નપત્રો વેબસાઈટ પર ઉપલબ્ધ છે.**

**(3) અંતિમ પ્રવેશ બાબતે**

* યુ.જી.સી. JRF/NET/SLET માં ઉત્તીર્ણ ઉમેદવારોને M.Phil.ની જગ્યાઓની ફાળવણીમાં જે તે વિષયની કુલ બેઠકોમાંથી 50 ટકાથી વધુ નહીં પણ જે તે કક્ષા(કેટેગરી)માં અગ્રિમતા આપવામાં આવશે.
* ઉમેદવારી માટે બન્ને પરીક્ષામાં ઓછામાં ઓછા 40 ટકા ગુણ મેળવવાના રહેશે. બન્ને પ્રવેશ પરીક્ષામાં મેળવેલા ગુણનો સરેરાશ 50 ટકા કે તેથી વધુ હોય તે જ ઉમેદવારનો અગ્રતાક્રમ યાદીમાં સમાવેશ થશે.
* પ્રવેશ પરીક્ષામાં મેળવેલા ગુણ મુજબ અગ્રતાક્રમ યાદી તૈયાર કરવામાં આવશે,

(4) ઉમેદવારે અરજીપત્ર સાથે કોઈ પ્રમાણપત્રો જોડવાનાં નથી, પરંતુ પ્રવેશ સમયે નીચે જણાવેલાં પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ તે સમયે દર્શાવેલી તારીખ સુધીમાં રજૂ કરવાના રહેશે અન્યથા અરજીપત્ર રદ ગણાશે.

1. એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. (નોનક્રિમિલેયર)
2. શારીરિક અપંગતા.
3. બી.એ./બી.કોમ./બીએસ.સી. વ. ગુણપત્રની નકલ
4. એમ.એ./એમ.કોમ./એમ.એસસી. વ.ની ગુણપત્રની નકલ
5. UGC JRF/NET/SET પ્રમાણપત્રની નકલ
6. આધારકાર્ડની નકલ

ખાસ નોંધઃ ઉમેદવારે પોતાના **M.A., M.B.A., M.Com., M.Sc., M.Ed., M.R.M., M.Lib., M.C.A., M.S.W., M.P.Ed., M.P.E.S** વ.ના વિષય સિવાયના અન્ય વિષયમાં પ્રવેશ માટે અરજી કરી હશે, અને તેના કારણે અભ્યાસ પછી ભવિષ્યમાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી ઊભી થાય તો તે માટે ગૂજરાત વિદ્યાપીઠ જવાબદાર રહેશે નહીં.

## SB collect દ્વારા પ્રવેશપ્રક્રિયાની ફી ભરવાની પ્રક્રિયાઃ

1. **www.gujaratvidyapith.org** પર જવું.
2. **online fee payment** પર ક્લિક કરવું
3. **Click here to make payment** પર ક્લિક કરવું જેથી **SB Collect** પર જવાશે.
4. પાનાની નીચે આપેલા **Box** માં ક્લિક કરીને **Proceed** પર ક્લિક કરવું.
5. **Select payment category** માં **Admission Form Fee** પર ક્લિક કરવું.
6. દર્શાવેલી વિગતો ભરવી અને **Remarks** માં **M.Phil. Admission Form No…….**(દા.ત. **M-000**) ટાઇપ કરવું.
7. ફીની ચૂકવણી થયા પછી રસીદની એક નકલ અરજી સાથે જોડવી અને એક નકલ પોતાની પાસે સાચવી રાખવી.

ફોનઃ **079-40016214, 079-40016234**

# M.Phil., Ph.D. Category Wise List For Enterence

| ક્રમ | વિષય | પદવી | સામાન્ય (Gen.) 50 % | અનુસૂચિત જાતિ (SC) 15 % | અનુસૂચિત જનજાતિ (ST) 7.5 % | સા.શૈ.પ. (OBC) 27.5 % | Total |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ગુજરાતી | એમ.ફિલ. | 5 | 2 | 1 | 2 | **10** |
| | | પીએચ.ડી. | 3 | 1 | | 1 | **5** |
| 2 | હિંદી | એમ.ફિલ. | 1 | 1 | | | **2** |
| | | પીએચ.ડી. | 7 | 2 | 2 | 3 | **14** |
| 3 | અર્થશાસ્ત્ર | એમ.ફિલ. | 2 | 1 | | | **3** |
| | | પીએચ.ડી. | 5 | 2 | 1 | 2 | **10** |
| 4 | સમાજશાસ્ત્ર | એમ.ફિલ. | 4 | 1 | 1 | 1 | **7** |
| | | પીએચ.ડી. | 4 | 1 | 1 | 2 | **8** |
| 5 | ઈતિહાસ | એમ.ફિલ. | 4 | 1 | 1 | 1 | **7** |
| | | પીએચ.ડી. | 8 | 2 | 1 | 4 | **15** |
| 6 | સમાજકાર્ય | એમ.ફિલ. | 6 | 2 | 1 | 2 | **11** |
| | | પીએચ.ડી. | 12 | 3 | 2 | 6 | **23** |
| 7 | પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન | એમ.ફિલ. | 3 | 1 | | 1 | **5** |
| | | પીએચ.ડી. | 6 | 2 | 1 | 2 | **11** |
| 8 | કમ્પ્યૂટર વિજ્ઞાન | એમ.ફિલ. | 3 | 1 | 1 | 1 | **6** |
| | | પીએચ.ડી. | 7 | 2 | 1 | 3 | **13** |
| 9 | ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન | એમ.ફિલ. | 0 | 0 | 0 | 0 | **0** |
| | | પીએચ.ડી. | 1 | 0 | 0 | 0 | **1** |
| 10 | સામાજિક વિજ્ઞાન (વિજ્ઞાન અને અહિંસા) | એમ.ફિલ. | 0 | 0 | | | **0** |
| | | પીએચ.ડી. | 1 | 0 | 0 | 0 | **1** |
| 11 | સામાજિક વિજ્ઞાન (ગાંધી વિચાર) | એમ.ફિલ. | 0 | 0 | 0 | 0 | **0** |
| | | પીએચ.ડી. | 1 | 0 | | 0 | **1** |
| 14 | સામાજિક વિજ્ઞાન (જૈનવિદ્યા) | એમ.ફિલ. | 3 | 1 | | 1 | **5** |
| | | પીએચ.ડી. | 0 | 0 | 0 | 0 | **0** |
| 15 | શિક્ષણશાસ્ત્ર | એમ.ફિલ. | 12 | 4 | 2 | 6 | **24** |
| | | પીએચ.ડી. | 17 | 5 | 2 | 9 | **33** |
| 16 | સામાજિક વિજ્ઞાન (પ્રૌઢશિક્ષણ) | એમ.ફિલ. | 2 | 1 | | | **3** |
| | | પીએચ.ડી. | 1 | 1 | | | **2** |
| 17 | સામાજિક વિજ્ઞાન (વસતિશિક્ષણ) | એમ.ફિલ. | 1 | 1 | | | **2** |
| | | પીએચ.ડી. | 2 | 1 | | 1 | **4** |
| 18 | સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન | એમ.ફિલ. | 6 | 2 | 1 | 3 | **12** |
| | | પીએચ.ડી. | 11 | 3 | 2 | 6 | **22** |
| 21 | શારીરિક શિક્ષણ | એમ.ફિલ. | 10 | 3 | 2 | 5 | **20** |
| | | પીએચ.ડી. | 12 | 4 | 2 | 7 | **25** |
| 22 | ગ્રામ વ્યવસ્થાપન | એમ.ફિલ. | 3 | 1 | 1 | 1 | **6** |
| | | પીએચ.ડી. | 6 | 2 | 1 | 3 | **12** |